સરકારી મેડીકલ કોલેજોના મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટ તેમજ જી.એમ.ઈ.આર.એસના ઈન્ટર્ન્સ તેમજ રેસિડેન્ટ તબીબોના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:- HFWD/SFR/e-file/7/2024/3520/J
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:-
(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૧૯-૦૯-૦૯.
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૦૩-૧૦-૧૨.
(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૨૦-૦૨-૧૩.
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૧૨-૦૮-૧૫,
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૧૧-૦૪-૧૬,
(૬) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૦૯/૩/જ તા.૧૯-૦૯-૧૮,
(૭) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક :-જીએમેસ/૧૦૨૦૧૫૪/એસ.એફ.એસ- ૦૫/વ-૨ તા.૧૫-૦૨-૨૦૧૯
(૮) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક :-જીએમેસ/૧૦૨૦૧૫૪/એસ.એફ.એસ- ૦૫/વ-૨ તા.૦૨-૦૧-૨૦૨૦
(૯) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક.:- એમસીજી/૧૦૨૧/એસ.એફ.એસ-૨૭/જ તા.૩૦/૦૪/૨૦૨૧.
(૧૦) કમીશનરશ્રી, આરોગ્ય, ગાંધીનગરની તા.૦૫/૦૭/૨૦૨૪ની એસ.એફ.એસ. હેઠળની દરખાસ્ત

**આમુખ:-**

ઉપર વંચાણે લીધેલા વિવિધ ઠરાવોથી મેડીકલ, ડેન્ટલ, ફિઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ/રેસિડેનટસ ડોકટર્સના સ્ટાઈપેન્ડનાં દરોમાં વધારો કરવામાં આવેલ હતો.

જુનિયર ડોકટર્સ એસોસીએશન તરફથી તેઓના સ્ટાઈપેન્ડમાં વધારો કરવાની માગણી કરેલ હતી. ઉપર વંચાણે લીધા ક્રમ-(૯)માં દર્શાવેલ તા.૩૦/૦૪/૨૦૨૧ના ઠરાવથી છેલ્લે રેસિડન્ટ ડોકટર્સ અને ઈન્ટર્ન્સના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવામાં આવેલ હતો. સ્ટાઈપેન્ડનાં દરોમાં વધારો કરવાની જુનિયર ડોકટર્સ એસોસીએશનની રજુઆતના અનુસંધાને વંચાણે લીધેલ ક્રમ:-(૧૦) પરની કમિશ્નરશ્રી, (આરોગ્ય) દ્વારા તા.૦૫/૦૭/૨૦૨૪ની એસ.એફ.એસ. દરખાસ્ત અંતર્ગત રેસીડન્ટ ડોકટરો અને ઈન્ટર્ન્સના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવા દરખાસ્ત કરેલ હતી. જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રીની કાળજીપુર્વકની વિચારણાને અંતે, રાજયની સરકારી મેડીકલ કોલેજોના મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી, હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ, અનુસ્નાતક અને સુપર સ્પેશ્યાલીટી અભ્યાસક્રમના રેસીડન્ટ તબીબોના સ્ટાઈપેન્ડના દરોમાં વધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે તથા તે મુજબ હવે પછીથી આ વિદ્યાર્થીઓને નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના દરોએ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર થશે.

| Sr. No. | Designation | Stipend (in Rs.) |
|---|---|---|
| A | B | C |
| [ 1 ] | **Interns** | |
| 1 | Medical | 21,840 |
| 2 | Dental | 20,160 |
| 3 | Physiotherapy | 13,440 |
| [ 2 ] | **Medical Residents (Degree)** | |
| 1 | 1st Year | 1,00,800 |
| 2 | 2nd Year | 1,02,480 |
| 3 | 3rd Year | 1,05,000 |
| 4 | 4th Year [ Sr. Resident ] | 1,10,880 |
| 5 | Clinical Assistant | 1,10,880 |
| [ 3 ] | **Medical Residents (Super Speciality)** | |
| 1 | 1st Year | 1,20,960 |
| 2 | 2nd Year | 1,26,000 |
| 3 | 3rd Year | 1,34,400 |
| [ 4 ] | **Medical Residents (Diploma)** | |
| 1 | 1st Year | 75,600 |
| 2 | 2nd Year | 82,320 |
| [ 5 ] | **Dental Residents (Degree)** | |
| 1 | 1st Year | 78,960 |
| 2 | 2nd Year | 81,480 |
| 3 | 3rd Year | 83,496 |
| [ 6 ] | **Physiotherapy Residents (Degree)** | |
| 1 | 1st Year | 35,280 |

| | | |
|---|---|---|
| 2 | 2nd Year | 43,680 |
| [ 7 ] | **Interns** | |
| 1 | Ayurveda | 15,120 |
| 2 | Homeopathy | 15,120 |
| [ 8 ] | **Post Graduate (Ayurvedic)** | |
| 1 | 1st Year | 50,400 |
| 2 | 2nd Year | 53,760 |
| 3 | 3rd Year | 57,120 |

૨. તદુપરાંત, જી.એમ.ઈ.આર.એસ સંચાલિત મેડીકલ કોલેજોમાં મેડીકલનાં સ્નાતકનાં અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટ તબીબોને નીચે મુજબ સ્ટાઈપેન્ડ આપવા ઠરાવવામાં આવે છે.

| Sr.No | Designation | Stipend(In Rs.) |
|---|---|---|
| 1 | Interns | 21,840 |
| 2 | Junior Resident | 1,00,800 |
| 3 | Senior Resident | 1,10,880 |

3. જી.એમ.ઈ.આર.એસ સંચાલિત મેડીકલ કોલેજોના મેડીકલનાં અનુ-સ્નાતકનાં અભ્યાસક્રમના જુનિયર /સિનીયર રેસિડેન્ટ તબીબોને નીચે મુજબ સ્ટાઈપેન્ડ આપવા આથી ઠરાવવામાં આવે છે.

| Sr.No | Designation | Stipend (In Rs.) |
|---|---|---|
| | **Medical Residents (Degree)** | |
| 1 | 1st Year | 1,00,800 |
| 2 | 2nd Year | 1,02,480 |
| 3 | 3rd Year | 1,05,000 |
| 4 | 4th Year [ Sr. Resident ] | 1,10,880 |
| 5 | Clinical Assistant | 1,10,880 |

૪. આ હુકમો તા. ૦૧/૦૪/૨૦૨૪થી અમલમાં આવશે.
૫. આ ઠરાવથી નક્કી કરેલ સ્ટાઈપેન્ડનાં દરોમાં સુધારો કરવા અંગે પાંચ વર્ષ પછી પુન:વિચારણા કરવામાં આવશે.
૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૩૦/૦૮/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વનરાજસિંહ પઢારિયા)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના પ્રતિ,
-માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર
-માનનીય મંત્રીશ્રી, (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકૂલ-૧, સચિવાલય,ગાંધીનગર
-અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી(ખર્ચ), નાણાવિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ૫- ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ૪, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી( જા.આ/પ.ક) ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સી.ઈ.ઓ.શ્રી, જી.એમ.ઈ.આર.એસ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ , સેકટર -૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી(આયુષ), ડો. જીવરાજ મેહતા ભવન,સચિવાલય , ગાંધીનગર.
- ડાયરેક્ટરશ્રી, યુ.એન.મેહતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર અને કીડની, અસારવા, અમદાવાદ.
- ડીનશ્રી, સરકારી મેડિકલ કોલેજ, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર.
- ડીનશ્રી, જી.એમ.ઈ.આર.એસ મેડીકલ કોલજ (તમામ). સી.ઈ.ઓ.શ્રી, જી.એમ.ઈ.આર.એસ મારફત
- ડીનશ્રી,સરકારી ફિઝીયોથેરાપી કોલેજ- સુરત, વડોદરા, જામનગર, દાહોદ.
- ડીનશ્રી,સરકારી ફિઝીયોથેરાપી કોલેજ- જામનગર, અમદાવાદ
- એકાઉન્ટટ જનરલશ્રી- રાજકોટ, અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી - ગાંધીનગર , અમદાવાદ
- સીસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં ૭/૭, સચિવાલયગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

Signature Not Verified
Signed by: V B Padhariya
Joint Secretary
Date: 2024.08.31
16:11:10 +05:30